શિર્ષક : હાથ બનાવટની વસ્તુઓ દ્વારા વધારાની આવક

ખેડૂતનું નામ : શ્રીમતી રાંભીબેન હરીશભાઈ મારું ગામ : બખરલા તા.પોરબંદર જી.પોરબંદર

ભણતર : ૫ ધો. પાસ ઉંમર : ૩૦ વર્ષ

શ્રીમતી રાંભીબેન એક ખુબજ સક્રિય તેમજ હમેશા કઈક નવું સીખવા માટે તત્પર રહે છે. તેઓ કેવીકે દ્વારા યોજવામાં આવતી વોકેશનલ તાલીમ તેમજ અનિય તાલીમોમાં સક્રિય રીતે ભાગ લે છે. કેવીકેની હાથ બનાવટની વસ્તુઓ બનાવવાની વોકશનલ તાલીમથી પ્રભાવિત થઇ તેઓએ કેવીકેના ગૃહવિજ્ઞાનીકના માર્ગદર્શન નીચે હેન્દીક્રાફ્ટની વસ્તુઓ જેવીકે ચાકડા, તોડલિયા, તોરણ, સાંકડા આ ઉપરાંત બિનઉપયોગી વસ્તુઓ માંથી પણ ઘર સજાવાટની જુદી જુદી વસ્તુઓ બનાવી પોતાના તેમજ જીલ્લાના અનિય ગામોમાં વેચાણ કરે છે. હાલમાં તેઓએ બનાવેલ ઘર સજાવટની જુદી જુદી વસ્તુઓની માંગ સારી એવી વધેલ છે તેમજ જીલ્લાના જુદા જુદા ગામો માંથી મહિલાઓ આ વસ્તુઓની ખરીદી કરે છે. આમ શ્રીમતી રાંભીબેન પોતાના નાવરાસના સમયે ઘર સજાવટની વસ્તુઓ બનાવીને વેહચી મહીને ઓછા માં ઓછા રૂપિયા.૨૦૦૦/- ની આવક મેળવે છે.

આમ, શ્રીમતી રાંભીબહેન નવરસના સમયના સદઉપયોગથી વધારાની આવક મેળવી જીલ્લાની અનિય મહિલાઓ માટે એક આદર્શ ઉદારણ પૂરું પાડેલ છે. શ્રીમતી રાંભીબહેનની આ પ્રવૃતીથી પ્રભાવિત થઇ તેમનાજ ગામના શ્રીમતી શાંતિબેન નાથાભાઈ મારું તેમજ ખાપટ ગામના કું. તેજલબેન કેશવાલા પણ કેવીકેના ગૃહવૈજ્ઞાનિકના માર્ગદર્શન નીચે પોતાના નવરાશના સમયે સિલાઈ કામ તેમજ ભરત ગુથણ દ્વારા વધારાની આવક મેળવે છે.



